# GUTS સુધારા વિધેયક – ૨૦૨૪

**૨૦૧૫ માં સ્થાપના સમયે ઉદ્દેશ્ય:**

“રાજયમાં ટ્રાન્સપ્લાન્ટેશન અને સંલગ્ન વિજ્ઞાનમાં યોગ્ય અને પદ્ધતિસરનું પ્રશિક્ષણ, અધ્યાપન, તાલીમ અને સંશોધન કરવા માટે તેમજ શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર-ડો. એચ. એલ. ત્રિવેદી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (IKDRC-ITS)-ને યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝની અધિનિયમ, ૨૦૧૫ ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝની સ્થાપના કરવામાં આવી છે.”

ગુજરાત રાજ્યમાં મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, નર્સિંગ અને અન્ય પેરામેડિકલ જેવા અભ્યાસક્રમો ચલાવતી આશરે ૩૦૦ થી વધુ સંસ્થાઓ આરોગ્ય સંબંધિત અભ્યાસક્રમો ચલાવે છે. ગુજરાત રાજ્યમાં પહેલેથી જ વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો ચલાવવા માટે વિશિષ્ટ યુનિવર્સિટીઓ આવેલી છે એવી જ રીતે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ જે ટ્રાન્સપ્લાન્ટેશન (પ્રત્યારોપણ) સાયન્સના વિશિષ્ટ ક્ષેત્રમાં કાર્યરત યુનિવર્સિટી છે.

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ યુનિવર્સિટી એ રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે ભાગીદારીમાં વિશ્વ-સ્તરના સંશોધન કરે છે. અને જ્ઞાનનું આદાન-પ્રદાન કરે છે. આ યુનિવર્સિટી વ્યવસાયિક રીતે પ્રશિક્ષિત વિશ્વકક્ષાના માનવબળ સતત મળી રહે તેના માટે તથા આરોગ્ય વિજ્ઞાન જેમાં ખાસ કરીને ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં જ્ઞાન અને વિકાસ માટે અગ્રણી  સંશાધન કેન્દ્ર તરીકે કાર્યરત છે.

**એક્ટમાં કરેલ સુધારો અને તેના કારણો:-**

"ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ એક્ટ, 2015" ની કલમોમાં સુધારો કરવાના કારણો અને હેતુઓ નીચે મુજબ છે:-

| ક્રમ | કરેલ સુધારો અને તેના કારણો |
|---|---|
| ૧ | સદરહુ અધિનિયમની કલમ ૧૦-થી યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ (પ્રો-ચાન્સેલર)ની નિમણૂક માટેની જોગવાઈ કરેલ હતી તે નાબૂદ કરીને રાજ્યની **અન્ય યુનિવર્સિટીઓના કાયદા સાથે સમાનતા** લાવી શકાય તે હેતુથી, રાજ્ય સરકારને ઉપકુલાધિપતિનો હોદો દૂર કરવાનું જરૂરી જણાયું છે. આથી હવે કરેલ સુધારા મુજબ ગુજરાતના **રાજ્યપાલ** યુનિવર્સિટીના કુલાધિપતિ તરીકે પદવીદાન સમારંભમાં અધ્યક્ષસ્થાન સંભાળે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. |
| ૨ | **IKDRC-ITS** એ સોસાયટી તથા ટ્રસ્ટ કાયદા હેઠળ નોધાયેલ સસ્થા હોઈ તેનું પણ અસ્ત્વીત્વ ચાલુ રહે અને GUTS યુનિવર્સીટી સાથે સુચારૂ સચાલન થઈ શકે તેના માટે **IKDRC-ITS એ યુનિવર્સીટી હેઠળ કામગીરી કરવાની** રહેશે તે મુજબનો સુધારો કરવામાં આવેલ છે જે સુધારો થવાથી બંને સસ્થાઓ વધુ સુગમતાથી કામ કરી શકશે અને બંને સસ્થાઓ વચ્ચે સુલભ સયોજન શક્ય બનશે. |
| 3 | GUTS ના કુલપતિ હોદ્દાની રૂએ **IKDRC-ITS** ના નિયામક (ડિરેકટર) રહેશે તેવો સુધારો કરવામાં આવેલ છે જેથી **બંને સસ્થાઓનું સંચાલન એકજ વ્યક્તિ** સંભાળશે જેથી કામગીરીમાં વિસંગતતાઓ અને વહીવટી પ્રશ્નો ન ઉદ્ભવે અને સરળતાથી બન્ને સંસ્થાઓ વચ્ચે સમન્વયથી કામગીરીમાં તેમજ સંચાલનમાં સરળતા આવશે. |
| ૪ | **IKDRC-ITS** ની **Governing Body** માં પણ સર્વસંમતીથી **IKDRC-ITS** એ **GUTS** ની તાબા હેઠળની સંસ્થા રહેશે અને **GUTS** ના કુલપતિ હોદ્દાની રૂએ સંસ્થાના નિયામક રહેશે તેવો નિર્ણય થયેલ છે. |

| | |
|---|---|
| ૫ | <u>**કાયદામાં સુચવેલ મુખ્ય સુધારાઓ**</u><br>સંસ્થાએ યુનિવર્સિટી હેઠળ કામગીરી કરવાની રહેશે. – કલમ-૩<br>પ્રોચાન્સેલર (ઉપકુલાધિપતિ) હોદ્દો નાબુદ – કલમ-૯<br>રાજ્યપાલ કુલાધિપતિ રહેશે. – કલમ-૧૦<br>કુલપતિની લાયકાત અંગેની જોગવાઇ – કલમ-૧૨<br>પ્રોચાન્સેલરના અધિકારો કુલપતિને સોંપવામાં આવ્યા – કલમ-૧૩<br>કુલપતિ હોદ્દાની રૂએ સંસ્થાના નિયામક – કલમ-૧૩(૮)<br>સંસ્થાના ડીનની લાયકાત અંગેની જોગવાઇ – કલમ-૧૫ |